બરફમાં જીવંત રહેવું

લેખન: જીંજર વેડ્સવર્થ

ફોટો: ક્રેગ ઓરબેક

ટ્રકી ગેંગ માટે - ઝોઇ , કોલિન , જસ્ટિન , સ્ટેસી અને માર્ક - જેઓ એવી જગ્યાએ રહે છે જ્યાં હંમેશા બરફ પડે છે.
- જી.ડબલ્યુ.

મારો ભાઇ

અને સીએરા નેવાડામાં તેમના બાળપણ માટે.

- સી.એસ.ઓ.

બરફમાં જીવંત રહેવું

લેખન: જીંજર વેડ્સવર્થ

ફોટો: ક્રેગ ઓરબેક



મર્ફી-સ્ટીવન્સ કાફલાનો માર્ગ

1844 માં , મર્ફી-સ્ટીવન્સ કાફલો કાઉન્સિલ બ્લફ્સથી રવાના થયો. લગભગ 40 ગાડીઓ પશ્ચિમ તરફ ગઈ. ફોર્ટ હોલ પહોંચ્યા પછી, આમાંથી 11 ગાડીઓ કેલિફોર્નિયા તરફ આગળ વધી. યુનાઇટેડ સ્ટેટ્સની પશ્ચિમ સરહદ પર, પૂર્વથી કેલિફોર્નિયા સુધી મુસાફરી કરનાર આ પહેલો કાફલો હતો. આ યાત્રા 2,000 માઇલ લાંબી હતી. આ નકશો યુનાઇટેડ સ્ટેટ્સના વર્તમાન રાજ્યો દર્શાવે છે.

સાહસની શોધમાં
૧૮૪૪

મુસા શેલનબર્ગર 17 વર્ષનો હતો ,
અને સાહસ માટે તૈયાર હતો.
તેની બહેન એલિઝાબેથ અને તેનો પતિ
કેલિફોર્નિયામાં સ્થાયી થવાના હતા.
મુસા તેમની સાથે જઈ રહ્યો હતો.
ગાડીઓના કાફલા સાથે
પશ્ચિમ તરફ જવું
તે ચોક્કસપણે રોમાંચક બનવાનું હતું.

મે મહિનામાં આ અગ્રણીઓએ
આયોવા પ્રદેશ છોડી દીધો.
તેઓ ઘાસના મેદાનો પાર કરી ગયા.
મુસા તે બળદોને હાંકી રહ્યો હતો
જેઓ તેની બહેનની ગાડી ખેંચી રહ્યા હતા.
તે અને તેના મિત્રો જોસેફ અને એલન
ભેંસ અને હરણના શિકારમાં મદદ કરતા હતા.
તેઓ રાત્રે બળદોની રક્ષા પણ વારાફરતી કરતા હતા.

ઓક્ટોબરમાં, મુસાએ અત્યાર સુધીમાં જોયેલા પર્વતો
કરતા સૌથી ઊંચા પર્વતો જોયા.

ગાડાઓનો આ કાફલો છેલ્લા છ મહિનામાં

૨૦૦૦ માઈલ પાર કરી ચૂક્યો હતો .

બરફ પડી રહ્યો હતો.

બધા અગ્રણીઓ ઠંડા અને ભીના હતા.

તેમનો ખોરાકનો પુરવઠો ખતમ થઈ રહ્યો હતો.

તેના થાકેલા બળદોને ઘાસની જરૂર હતી ,

નહીંતર તેઓ મરી શકતા હતા.

પર્વતો પાર કરીને પશ્ચિમ તરફ

એક વિશાળ હુંફાળી ખીણ હતી,

જે સો માઈલ દૂર હતી.

શિયાળો શરૂ થાય તે પહેલાં પાયોનિયર

કેલિફોર્નિયાના તે ભાગમાં પહોંચવા ચાહતા હતા..



મુસા એ પર્વતમાળામાંથી

રસ્તો શોધવામાં મદદ કરી.

તેમને પૂરતા પહોળા રસ્તાની જરૂર હતી

જેમાંથી વેગન અને તેના બળદોનું જૂથ બહાર નીકળી શકતા હતા.

પણ તેને એવો કોઈ રસ્તો ન મળ્યો.

દરમિયાન, ચારાના અભાવે તેના બળદો મરવા લાગ્યા.

મુસાએ છ ગાડા ખાલી કરવામાં મદદ કરી.

પાયોનિયરોએ સાંકળો અને દોરડાનો ઉપયોગ કરીને

ખડકાળ દિવાલો પરથી ખાલી ગાડીઓ ઉપર ખેંચી.

તેઓ બળદોને સાંકડા માર્ગેથી લઈ ગયા.

અને બરફ પડતો રહ્યો.



તેમનું એક જૂથ સટર્સ ફોર્ટ તરફ આગળ વધ્યું.
તેમને પોતાનો મોટાભાગનો સામાન પાછળ છોડીને જવું પડયું.
સટર્સ ફોર્ટ પહોંચ્યા પછી
તેઓ બાકીના લોકો માટે મદદ મોકલવાના હતા.
બીજો જૂથ ઘોડા પર સવારી કરીને સીધો આગળ વધ્યો.
એલિઝાબેથ જૂથમાં જોડાઈ.

મુસાએ તેની બહેનને ગળે લગાવી.
તેને ગુડબાય કહેવું મુશ્કેલ હતું.
મુસા અને તેના મિત્રો
જોસેફ અને એલન પાછળ રહ્યા.
તેઓએ લાકડામાંથી એક કેબિન બનાવ્યું
અને બચેલી વસ્તુઓ અંદર રાખી.

આંખને આંધળી કરી દેતો બરફ બધે છવાયેલો હતો,
વેગન ઉપર પણ.

મુસા અને તેના મિત્રોએ શિકાર કરવાનો પ્રયાસ કર્યો.

પણ થોડા જંગલી પ્રાણીઓ શિયાળાની ઊંઘ કરવા
પોતાની બોડમાં હતા.

અન્ય પ્રાણીઓ શિયાળા માટે સ્થળાંતર કરી ગયા હતા.

ત્રણેય મિત્રોએ નક્કી કર્યું કે ભૂખથી મરતા પહેલા

તેઓ પગપાળા પર્વત પાર કરશે.

તેઓ હવે મદદ આવવાની રાહ જોઈ શકતા નહોતા.

તેઓએ ઝડપથી સ્નોશૂઝ બનાવ્યા

અને બાકીનું સૂકું માંસ સાથે લઈ ગયા.

ખોરાકના નામે તેમની પાસે આટલું જ બાકી હતું.

બહાર નીકળી જવું
નવેમ્બરના અંતમાં
1844

મુસા, જોસેફ અને એલન આગલી
સવારે નીકળ્યા.
નરમ બરફ પર ચાલવું મુશ્કેલ હતું.
મુસાના પગ દુખવા લાગ્યા.
તેના સ્નો બૂટ યોગ્ય કદના નહોતા.
ટૂંક સમયમાં જ તેના સ્નાયુઓ પીડાદાયક રીતે કડક થવા લાગ્યા.
પણ રોકાવું મુશ્કેલ હતું.
એના મિત્રોની જેમ મુસા પણ બરફથી બચવા ચાહતો હતો.
તેમને ગમે તે ભોગે સલામત સ્થળે પહોંચવું જ હતું!
સામે ખડકાળ દિવાલો હતી.
અને ચારે બાજુ ઊંડો બરફ.
મુસાને કોઈક રીતે તે દિવાલો ચઢવાની હતી.
એક કાગડો તેની બાજુમાંથી ઉડીને ગયો,
અને મુસાએ વિચાર્યું, કાશ તેને પણ પાંખો હોત.



મુસા દરેક ડગલાં સાથે નિસાસો નાખતો હતો.

તેણે પોતાના પગ વિશે ન વિચારવાનો પ્રયાસ કર્યો.

તે ધીમે ધીમે ચઢ્યો.

તેનું શરીર ઠંડુ પડી ગયું હતું ,

તેનો શ્વાસ ચઢી રહ્યો હતો.

બરફીલી હવાને કારણે એના ગળામાં બળતરા થઈ રહી હતી.

આખરે તે અટકી ગયો.

તેને આરામની સખત જરૂર હતી.

એલન અને જોસેફ , મુસાથી

વધુ શક્તિશાળી હતા.

તેના સ્નો બૂટ પણ યોગ્ય કદના હતા.

તેઓ તે સાંકડા રસ્તે ઝડપથી આગળ વધ્યા.

ટૂંક સમયમાં જ તેઓ તેના કરતા ઘણા આગળ નીકળી ગયા.

મુસાના પગ વધારે દુખવા લાગ્યા.

એમણે તે રાત બરફમાં વિતાવી.

તાપણું કર્યું હોવા છતાં

એમને ઠંડી લાગવા લાગી.

સવારે મુસાનું શરીર સંપૂર્ણપણે કડક થઇ ગયું હતું.

એલને તેને ઊભા રહેવામાં મદદ કરી.

તેના પગમાં પગથી તળિયા સુધી તીવ્ર દુખાવો ઉપડયો
હતો.

જો એલન અને જોસેફે , મુસાને આરામ આપવા માટે રાહ
જોઇ હોત , તો કદાચ તેઓ પણ

સટર્સ ફોર્ટ સુધી પહોંચી ન શક્યા હોત.

મુસા પાસે ફક્ત એક જ વિકલ્પ હતો.

તેણે પોતાની બેગ પીઠ પર બાંધી.

તેણે પોતાની બંદૂક ઉપાડી.

ત્રણેય મિત્રોએ હાથ મિલાવ્યા.

અને મુસા કેબિન તરફ પાછો ફર્યો.

મુસાએ પાછળ વળીને જોયું નહીં.

આ કરવું ખૂબ મુશ્કેલ હોત.

તેને પોતાની પીઠ પરની થેલી ભારે લાગવા લાગી.

અને હૃદય પણ.

એક-એક ડગલું ભરતા, એ એના બરફમાં ચાલવાના ખાસ જૂતા (સ્નોશુસ) ના પગેરું પર ચાલતો પાછો ફર્યો.

તેના પગ દુખતા હતા.

પીડાને કારણે તેની આંખોમાંથી આંસુ વહી રહ્યા હતા.



અંધારા પહેલા

મુસા કેબિનમાં પહોંચ્યો.

કેબિન અંદરથી ઠંડી હતી અને અંદર અંધારું હતું.

તેણે અગ્નિ પ્રગટાવ્યો.

અને ગાઢ નિદ્રામાં સરી પડયો.

સાવ એકલો

બીજા દિવસે મુસાએ કેબિનની

બધી વસ્તુઓ ધ્યાનથી જોઈ.

થોડા ધાબળા હતા, એક કુહાડી હતી અને થોડી કોફી હતી.

તેને પ્રાણીઓને ફસાવવા માટે કેટલાક છટકાં પણ મળ્યા.

એક બોક્સમાં કપડાં , પ્લેટો , અખબારો

અને કેટલાક પુસ્તકો હતા.

મુસાએ ઢાંકણ બંધ કરી દીધું.

ટકી રહેવા માટે, તેને

ખોરાકની જરૂર હતી ,

કવિતાના પુસ્તકોનું નહીં.



મુસાએ કેબિન પાસે બે છટકાં ગોઠવ્યા.

તેના પગ હજુ પણ દુખતા હતા.

તેને ડર હતો કે તે પડી જશે.

ઠંડી વધી રહી હતી.

મુસાના નાકના ટેરવામાં ઝણઝણાટી થવા લાગી.

હિમ લાગવાથી ચામડી થીજી જવાનો ભય હતો.

મુસાએ થોડી નીચે પડેલી ઝાડની ડાળીઓ ભેગી કરી.

એણે એને તાપણામાં નાખી.

થોડી વારમાં કેબિનમાં ગરમાવો થઈ ગયો.

મુસાનું પેટ ભૂખથી ગડગડાટ કરી રહ્યું હતું.

તે ખરેખર ભૂખ્યો હતો , ખૂબ ભૂખ્યો હતો.

આખરે મુસાએ એક વૃધ્દ્ધ પાતળા કોયોટે (વરુ) ને એના એક છટકામાં પકડયું.

એના છરાથી એણે કોયોટેની રૂંવાટી કાપી નાખી.

એણે માંસને શેક્યું.

બહુ સરસ ગંધ આવી.

પણ એનો સ્વાદ બહુ ખરાબ હતો.

મૂસાને ઉબકા આવવા લાગ્યા.

કદાચ ધીમે-ધીમે રાંધવાથી કોયોટેનું માંસ ખાવા જેવું થાય.

એટલે મુસાએ એને એક વાસણમાં બાફ્યું.

એનો સ્વાદ હજી ખરાબ હતો.

તેણે કલ્પના કરી કે તે

જાણે કોમળ ભેંસનું માંસ ખાઈ રહ્યો છે.

ધીમે-ધીમે એણે વધારે ખાધું.

આ પછી, મુસા બે શિયાળને ફસાવવામાં સફળ રહ્યો.

તેણે શિયાળ રાંધ્યું અને ખાધું.

તેને શિયાળનું માંસ સ્વાદિષ્ટ લાગ્યું.

મુસા હજુ પણ ભૂખ્યો હતો.

પણ ટકી રહેવા માટે, તેણે હોશિયાર પણ બનવું પડયું.

તેથી તેણે એક શિયાળને બચાવ્યું.

બીજા દિવસે તેણે અડધું શિયાળ ખાધું.

અને બાકીનો અડધો ભાગ બીજા દિવસે પૂરો કર્યો.

મુસા દરરોજ પર્વતો તરફ જોતો રહ્યો.

જયારે એ વધારે બળવાન બનશે,

ત્યારે એ પશ્ચિમ તરફ ચાલવા લાગશે.

આ વખતે એ અસફળ નહીં થાય!

પહેલા, એની પાસે પૂરતો ખોરાકનો જથ્થો હોવો જરૂરી હતો.

બીજું, તોફાનમાં થોડી વાર માટે વિરામની જરૂર હતી.



એક સવારે જ્યારે મુસા

તેનો ફાંસો તપાસતો હતો , તેને જાણવા મળ્યું કે તેમાં ફસાયેલું એક શિયાળ જીવતું હતું.

તે હલનચલન કરી રહ્યું હતું.

મુસા તેને પકડવા માટે આગળ દોડયો.

પણ તે ફાંદામાંથી છટકી ગયું અને ભાગી ગયું.

મુસા તેની પાછળ ગયો.

તેણે શિયાળને પકડવું જ હતું!

આ પ્રયાસમાં, મુસા બરફ જેવા ઠંડા નાના ઝરણામાં પડી ગયો.

તેણે પોતાની બધી શક્તિ વાપરી નાખી અને કોઇક રીતે બહાર નીકળવામાં સફળ રહ્યો.

તેની બંદૂક પણ બરફ પર પડી.

બંદૂક સૂકી હતી , પણ મુસાના કપડાં ભીના હતા.

મુસા ઠંડીથી ધ્રુજવા લાગ્યો.



તે ઝડપથી કેબિનમાં ગયો અને પોતાના કપડાં ઉતાર્યા.

મુસાએ ધાબળામાં લપેટીને પોતાને ગરમ કર્યો.

તેણે કોફીની ચુસ્કી લીધી.

આખરે તેના દાંત કડકડતાં બંધ થયા.

તે જીવિત રહેવા માટે નસીબદાર હતો.

પવન દિવસો સુધી ગર્જના કરતો રહ્યો.

અને બરફ પડતો રહ્યો.

બરફથી કેબીન લગભગ ઢંકાઈ ગઈ હતી.

તે સાવ એકલો હતો.

તે ભૂખ્યો અને ડરી ગયો હતો.

કદાચ તેણે તેની બહેન માટે એક પત્ર છોડી દેવો જોઇએ.

શું વસંતમાં એને મુસાના ફક્ત હાડકાં જ મળશે?



મુસાએ કોશ ખોલ્યો
અને તેમાં લખવા માટે કાગળ શોધ્યો.
પણ તેને ફક્ત અખબારો અને પુસ્તકો જ મળ્યા.
ભલે અખબારો જૂના હતા ,
તેણે અખબારો વાંચ્યા.
પછી તેણે કવિતાનું પુસ્તક ખોલ્યું.
અગ્નિના પ્રકાશમાં મુસાએ
મોટેથી કવિતા વાંચી.
તેના પોતાના અવાજે તેને શાંત પાડયો.
તે તેની બહેનને પત્ર લખવાનું ભૂલી ગયો.



દરરોજ રાત્રે મુસા

શિકારી છરી કાઢતો.

દરવાજાની નજીકના લાકડા પર એક ઊંડો કાપો અથવા નિશાન બનાવતો,

જેથી વીતી ગયેલા સમયનો હિસાબ રાખી શકાય.

નાતાલના દિવસે મુસાએ કોફી પૂરી કરી.

તેને એલિઝાબેથનો વિચાર આવ્યો.

તેઓ હંમેશા ક્રિસમસ સાથે મનાવતા હતા.

બહાર શિયાળાનો પવન ફૂંકાઈ રહ્યો હતો.

અંદર, મુસા મોટેથી એક કવિતા બોલ્યો.

અત્યાર સુધીમાં એને ઘણી કવિતાઓ કંઠસ્થ થઇ ગઈ હતી.

નવા વર્ષનો દિવસ આવ્યો અને પસાર થઇ ગયો.
મુસાએ પોતે કોતરેલા ત્રીસથી વધુ નિશાનો ગણ્યા.
તેણે એક મહિના કરતાં વધુ સમય સંપૂર્ણપણે એકલા વિતાવ્યા હતા.
આ ક્રમ તેને અનંત લાગતો હતો.
તેના વાળ ખૂબ જ વિખરાયેલા હતા.
જાણે ખિસકોલીનો માળો હોય.
તેના કપડાંમાંથી દુર્ગંધ આવવા લાગી.

છેવટે, ફેબ્રુઆરીમાં, બરફના તોફાનો
વચ્ચે ઉઘાડ થવા લાગ્યો.
પરંતુ તાપમાન વધુ ઘટ્યું.
બરફની ઉપરની સપાટી થીજી ગઇ અને સખત થઇ ગઇ.
મુસા હવે બરફ પર ચાલી શકતો હતો.
જેવા વાવાઝોડાના વાદળો પૂરા થઈ જશે, એ એની સફેદ જેલ છોડીને જતો રહેશે.

એક બપોરે મુસાને લાગ્યું કે

દૂર-દૂરથી એને કોઈક દેખાઈ રહ્યું છે.

તેણે આંખો ચોળી.

કોઈ ખરેખર તેની તરફ આવી રહ્યું હતું.

તે ડેનિસ માર્ટિન હતો ,

જે કાફલામાં તેની સાથે હતો.

એ મુસાને બચાવવા આવ્યો હતો.

મુસાની આંખોમાં આંસુ ભરાઈ ગયા.

તેઓ એકબીજાને ભેટી પડયા.

ડેનિસ પોતાની સાથે ખોરાક અને સારા સમાચાર લાવ્યો હતો.

મુસાની બહેન એલિઝાબેથ સટર્સ ફોર્ટમાં સુરક્ષિત હતી. બાકીના કાફલાના માણસો પણ.

મુસાએ ડેનિસને વાત ચાલુ રાખવા વિનંતી કરી .

બીજા કોઈનો અવાજ સાંભળવા એણે ત્રણ મહિના રાહ જોઈ હતી.

એ અવાજ કેટલો મધુર હતો!

પર્વતોની પેલે પાર માર્ચ ૧૮૪૫

બીજા દિવસે સવારે મુસા અને ડેનિસ

પર્વતોની દિવાલ તરફ ચાલ્યા.

મુસાએ ફક્ત એક જ વાર પાછળ ફરીને જોયું.

તેણે કેબિન તરફ જોયું.

દિવાલ પર થીજી ગયેલા

અગિયાર કોયોટે લટકતા હતા.

તે ફરી ક્યારેય કોયોટેનું માંસ ખાવા ચાહતો ન હતો!

બંને પર્વત પર ઊંચે અને ઊંચે ચઢતા રહ્યા.

બરફ ઊંડો હતો.

બર્ફીલો પવન એને ધક્કો મારી રહ્યો હતો..

થોડી જ વારમાં તેઓ એક સાંકડી ઘાટી પાસે પહોંચી ગયા.

તોફાની વાદળો ભેગા થવા લાગ્યા હતા.

તે વધુ ઝડપથી ચાલવા લાગ્યા.



મુસા અને ડેનિસ
પર્વત પરથી નીચે ઉતરવા લાગ્યા.
પર્વતોની પશ્ચિમ બાજુ
વસંત ઋતુ ચાલુ થઇ ગઇ હતી.
પ્રાણીઓ નવું ઘાસ ચરી રહ્યા હતા.
નજીકની નદીમાં માછલીઓ તરી રહી હતી.
અહીં ખાવા માટે પુષ્કળ હતું!

મુસાએ એક વિશાળ ખીણ અને સટર્સ ફોર્ટ જોયા.
એક કાદવનો રસ્તો તે મોટા કિલ્લા તરફ દોરી જતો હતો.
બે દરવાજા ખુલ્લા હતા.
લોકો , પ્રાણીઓ અને ગાડા
આવતા અને જતા હતા.
મુસા ઝડપથી કિલ્લાના આંગણામાં પ્રવેશ્યો.
તે એલિઝાબેથને કેવી રીતે શોધશે ?

તે ખુલ્લી જગ્યાના બીજા છેડે

એક મહિલા હાથ હલાવતી જોવા મળી.

તે સ્ત્રી એટલી ઝડપથી દોડી ગઈ કે

તેના માથા પરથી ટોપી ઉડી ગઈ.

એ એલિઝાબેથ હતી.

મુસા પણ તેની તરફ દોડયો.

ભાઇ અને બહેન એકબીજાને ભેટી પડયા.

તેઓ રડયા.

મુસાના લાંબા, એકલતાના મહિનાઓ પૂરા થઈ ગયા.

ઉપસંહાર

મુસા શેલનબર્ગર ૧૮૪૪ માં આયોવા ટેરિટરીના કાઉન્સિલ બ્લફ્સથી નીકળેલી મર્ફી-સ્ટીવન્સ વેગન ટ્રેનનો ભાગ હતો. સિએરા નેવાડા પર્વતમાળા પાર કરીને કેલિફોર્નિયા પહોંચનારી આ પહેલી વેગન ટ્રેન હતી.

નવેમ્બર ૧૮૪૬ માં, ડોનર પાર્ટી નામનું બીજું જૂથ પૂર્વીય સીએરા નેવાડા પહોંચ્યું . તેઓ પહોંચ્યા ત્યાં સુધીમાં બરફ પડવા લાગ્યો અને સતત પડતો રહ્યો. મુસાની જેમ, ડોનર પાર્ટી પણ ફસાઇ ગઈ હતી. તેમણે તંબુઓ ઉભા કર્યા અને એક નાના તળાવ પાસે નાના કેબિન બનાવ્યા. એક પરિવારે તો મુસાની કેબિનમાં પણ આશ્રય લીધો. ડોનર પાર્ટી પાસે શિયાળામાં ટકી રહેવા માટે પૂરતો ખોરાક પણ નહોતો. ૧૮૪૭ માં તેમને બચાવી લેવામાં આવ્યા . ત્યાં સુધીમાં, કેટલાક મૃત્યુ પામ્યા હતા.

મુસાએ બાકીનું જીવન કેલિફોર્નિયામાં વિતાવ્યું. ૧૮૫૦ માં કોલેરાના રોગચાળામાં તેની બહેન એલિઝાબેથ અને તેના પતિનું મૃત્યુ થયું . મુસાએ તેમના નવજાત પુત્રનો ઉછેર કર્યો. ૧૮૫૦ માં કેલિફોર્નિયા યુનાઇટેડ સ્ટેટ્સનું ૩૧મું રાજ્ય પણ બન્યું .

મુસા, તેની પત્ની ફેની અને તેમના પાંચ બાળકો કેલિફોર્નિયાના સેન જોસમાં એક ખેતરમાં રહેતા હતા . જેમ જેમ મુસા મોટો થતો ગયો, તેમ તેમ તેણે તેની વાર્તા તેની પુત્રીને કહી સંભળાવી. મુસાનું ૧૯૦૯ માં ૮૨ વર્ષની વયે અવસાન થયું

મુસા ની વાર્તા ડોનર પોન્ડ અને હાલના કેલિફોર્નિયાના ટ્રકી શહેરમાં બની હતી, જે વિશ્વના સૌથી બરફીલા સ્થળોમાંનું એક છે.

સત્તર વર્ષનો મુસા સાહસ માટે તૈયાર હતો. ૧૮૪૪ માં , તે આયોવાથી કેલિફોર્નિયા જઇ રહેલા બળદોના કાફલામાં જોડાયો. પરંતુ શિયાળાની શરૂઆત સાથે, કાફલો મુશ્કેલીમાં મુકાઈ ગયો. તેમના બળદો ચારા વિના મરવા લાગ્યા. ખોરાક અને પાણી ખતમ થઈ ગયું. તેથી જૂથના કેટલાક લોકો મદદ શોધવા આગળ વધ્યા. મુસા તેમના ત્યજી દેવાયેલા સામાન સાથે પાછળ રહી ગયો. શું તે લાંબા અને બરફીલા શિયાળામાં , પર્વતોમાં એકલો રહી શકશે ?